# ઓફલાઈન રાઉન્ડની કોલેજો માટે અગત્યની સૂચના

❖ **બી.એડ., એમ.એડ., એમ.એસ.સી, એમ.એસ.ડબ્લ્યુ, એમ.આર.એસ., અને પી.જી.ડી.એમ.એલ.ટી. ડિગ્રીની ઓફલાઈન રાઉન્ડ માટેની સૂચના :**

✓ શૈક્ષણિક વર્ષ : 2024-25 માટે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં ચાલતા B.Ed, M.Ed, M.Sc, M.R.S, M.S.W અને P.G.D.M.L.T અભ્યાસક્રમો માટે યુનિવર્સિટીની કેંન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા બે  રાઉન્ડમાં ઓનલાઇન પ્રવેશ આપ્યા બાદ હજુ યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં કેટલીક બેઠકો ખાલી રહેલ છે. તો તે બેઠકો પર વિદ્યાર્થીઓને ઓફલાઈન રાઉન્ડ માં પ્રવેશ આપી શકાશે.

✓ દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોને તેની ઇન્ટેક મુજબની સીટ મેટ્રિક્સ અને કેટલી બેઠકોમાં એડમિશન ફાળવવામાં આવેલ છે તેની યાદી યુનિવર્સિટી દ્વારા મોકલી આપવામાં આવેલ છે. જેમાં જે તે કેટેગરીમાં ખાલી રહેલી બેઠકો પર મેરિટના ધોરણે ઓફલાઈન રાઉન્ડમાં પ્રવેશ ફાળવવાના રહેશે.

✓ દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજ એ લોગીન કરી  **Student Merit** નામના બટન પર ક્લિક કર્યાથી વિદ્યાર્થીઓના મેરિટનો ડેટા જોવા મળશે. તેમજ એક્સેલ માં વિદ્યાર્થીઓનો ડેટા પણ ડાઉનલોડ કરી શકાશે. જેમાં દરેક વિદ્યાર્થીઓની સામે તમારી કોલેજ કેટલામાં નંબરે પસંદ કરેલ છે તે જોવા મળશે તથા તે વિદ્યાર્થી હાલ જે કોલેજમાં કન્ફર્મ હશે તે કોલેજ કેટલામાં નંબરે છે તે પણ જોવા મળશે. એ મુજબ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ કન્ફર્મ કરવા માટે તારીખ : 12-07-2024 થી 15-07-2024 સુધીમાં બોલાવવાના રહેશે.

✓ જો વિદ્યાર્થીનું મેરીટમાં નામ છે અને રૂબરૂ યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજ પર હાજર થાય ત્યારે તેની મેરીટ અંગેની માહિતીમાં ભૂલ જણાય છે તો યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજ **Change Student Detail** મેનુમાં જઈ વિદ્યાર્થીની માહિતી માં સુધારો કરી શકશે. તેમજ 1 કલાક ની અંદર વિદ્યાર્થીનું મેરીટ અપડેટ થઈને વેબસાઈટ પર જોવા મળશે. પરંતુ જો તે વિદ્યાર્થીનું એડમિશન અન્ય કોઈ યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજમાં કન્ફર્મ થયેલ હશે તો કન્ફર્મ થયેલ યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજમાંથી એડમિશન રદ થયા બાદ જ ફરીથી યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજમાં વિદ્યાર્થીનું ફોર્મ એડિટ તેમજ એડમિશન કન્ફર્મ થઇ શકશે.

✓ હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી માટે GCAS પોર્ટલ પર જે તે ડિગ્રી મા વિદ્યાર્થીએ ફોર્મ ભરેલું હશે તો જ વિદ્યાર્થીને એડમિશન આપવાનું રહેશે.

- ✓ તમામ કોલેજે Link : https://admission.ngu.ac.in/ પર જઈ વિદ્યાર્થીનું એડમિશન કન્ફર્મ કરવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં GCAS પોર્ટલ પર પ્રવેશ કન્ફર્મ કરવો નહિ.

- ✓ દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજે admission.ngu.ac.in પર જઈ તમારા ભવન / કોલેજ લોગીનમાં Student List નામના મેનુમાં જે વિદ્યાર્થીઓ નું નામ Student List માં દેખાય છે, તેવાજ વિધાર્થીઓનો પ્રવેશ માન્ય ગણવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થીને મેરિટના ધોરણે પ્રવેશ આપેલ હોય અને આપેલ લિસ્ટ માં નામ ના આવતુ હોય તો તેણે Offline Admission નામના મેનુમાં જઈને ફરજીયાત વિદ્યાર્થીને ઉમેરવાનો રહેશે.

- ✓ દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોએ યુનિવર્સિટી એકેડેમિક વિભાગ દ્વારા જે તે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજ માટે મંજુર કરેલ બેઠક પર જ પ્રવેશ આપવાના રહેશે.

- ✓ દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોને પ્રવેશ અંગે કોઈ પણ સમસ્યા જણાય તો હેલ્પલાઇન નંબર : 8511582709 પર સંપર્ક કરવાનો રહેશે.

- ✓ આમ અહીં 15-07-2024 ના રોજ કેન્દ્રીય પ્રવેશ સમિતિની પ્રવેશ અંગેની કામગીરી પૂર્ણ થશે.